વિભાગ(ખુદ) હેઠળની ડ્રાઈવર, પટાવાળાની જગ્યા આઉટસોર્સથી તથા લીગલ કન્સલ્ટન્ટની જગ્યા કરાર આધારિત ભરવાની મુદત લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ WCDD/EMR/e-file/23/2022/0002/K (Establishment)
સચિવાલય, ગાંધીનગર.
તા. ઈ-સાઈન મુજબ

વંચાણે લીધાઃ-

(૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા. ૨૬-૦૫-૨૦૨૫નો ઠરાવ ક્રમાકઃ WCDD/EMR/e-file/23/2022/0002/K (Establishment)

ઠ રા વઃ-

ઉપર વંચાણમાં લીધેલ ક્રમાંકઃ (૧)ના ઠરાવથી વિભાગના ડ્રાઈવર,પટાવાળા તથા લીગલ કન્સલ્ટન્ટની જગ્યાઓને તા.૦૧/૦૩/૨૦૨૫ થી વધુ ૧૧ માસ સુધી ચાલુ રાખવાની મંજુરી આપવામાં આવેલ હતી. વિભાગ(ખુદ)ની નીચેના પત્રક મુજબની આ જગ્યાઓને આઉટસોર્સથી તથા કરાર આધારિત જગ્યા ભરવા માટે તા.૦૧/૦૨/૨૦૨૬થી વધુ ૧૧ માસ સુધી સેવાઓ મેળવવાની મુદત લંબાવવાની બાબતને નીચે મુજબની શરતોએ આથી, મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાઓની સંખ્યા | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | ડ્રાઈવર | ૧ | આઉટ સોર્સ |
| ૨ | પટાવાળા | ૬ | આઉટ સોર્સ |
| 3 | લીગલ કન્સલ્ટન્ટ | ૧ | ૧૧ માસના કરાર આધારીત |
| | કુલ | ૦૮ | |

શરતો :-

1. ડ્રાઈવરની આઉટસોર્સ સેવાઓ માટે માસિક રૂ.૧૫,૦૦૦/- (અન્ય ચાર્જિસ સિવાય) અને લીગલ કન્સલ્ટન્ટ ની ૧૧ માસ કરાર આધારિત સેવાઓ માટે માસિક રૂ.૬૦,૦૦૦/- મહેનતાણું ચૂકવવાનું રહેશે.
2. પટાવાળા ની આઉટસોર્સ સેવાઓ માટે લઘુત્તમ વેતનધારા અધિનિયમ,૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતન મુજબનું મહેનતાણું ચૂકવવાનું રહેશે.
3. વિભાગે જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા. ૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.
4. ભવિષ્યમાં આ જગ્યાઓ પર આઉટસોર્સથી સેવાઓ મેળવવાની જરૂર જણાય તો વહીવટી વિલંબ નિવારી શકાય તે હેતુથી મુદત પૂર્ણ

થવાના ૦૨ માસ અગાઉ ના.વિ.ને દરખાસ્ત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. ૧૩/૦૫/૨૦૨૬ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હાર્દિક વી. ભીલ)
ઉપસચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ / અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રોકડ શાખા (૨-નકલ), મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સીસ્ટમ મેનેજરશ્રી, (વેબસાઈટ પર અપલોડ કરવા)
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- સિલેકટ ફાઈલ.

Signature Not Verified
Signed by:H V Bhil
Under Secretary
Date:2026.05.30
12:50:30 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign